### ગૌરીવ્રત બાદ જાગરણ નિમિત્તે

# સેવાભાવી યુવાન દ્વારા બાળાઓને આઈસક્રીમની મોજ અર્પણ કરાઈ



ગાંધીનગર, તા. ૧૭

રાધે રાધે પરીવાર હોસ્ટેલના તન્મય પટેલ દ્વારા ગૌરી વ્રત કરતી નાની બાળાઓને રાત્રી દરમિયાન આઈસ્ક્રીમની ભેટ ધરવામાં આવી હતી. રૂપાલ, સોનીપુર, સરઢવ, રાંધેજા, ધમાસણા, કોલવડા ગામમાં ગૌરી વ્રત કરતી નાની બાળાઓને જાગરણ નિમિત્તે આઈસક્રીમ ખવડાવવામાં આવ્યા હતા. કુલ ૪૫૦થી વધુ બાળાઓને આઈસક્રીમ ભેટ ધરી તેમણે ખુશી અર્પણ કરવાનું સદ્ભાગ્ય મેળવ્યું હતું.

આ સેવા કાર્યમાં તન્મયને મિત્ર રાહુલ સુખડીયા, ટીનાભાઈ ચૌધરી, રાહુલ રંગાણી, કૌશિક પ્રજાપતિ, શુભમ સુખડીયા, જીગ્નેશ ધોરીયાણી, ઋત્વિક દેસાઈ, કશ્યપ રંગાણીનો સાથ સહકાર પ્રાપ્ત થયો હતો.



સુશીલ પરિવાર સંચાલિત સર્જન એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાનાં મહામંત્રી સવિતાબેન પી. સુશીલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે ઈન્દ્રોડા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ૮૦૦ ચોપડા, સૅક્ટર-૨ની પ્રાથમિક શાળામાં ૨૦૦, સૅક્ટર-૧૩ એની પ્રાથમિક શાળામાં ૩૦૦ અને સૅક્ટર-૧૩ બીની પ્રાથમિક શાળામાં ૩૦૦ ચોપડા ભેટ ધરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ શ્રમજીવી વર્ગનાં બાળકોને પણ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીકમાં ગુરુપૂજન



શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક ખાતે વિદ્યાર્થીઓએ પોતાની ભૂતપૂર્વ શાળાના ગુરુજનોનું પૂજન કર્યું હતું. આ અનોખી ઉજવણીમાં સંસ્થાના ડિરેક્ટર ધર્મેશ વંડરા, એસએસપીના એકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ, ભૂતપૂર્વ શાળામાંથી પધારેલા ગુરુજનો, સંસ્થાના સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા કુમકુમ, અક્ષત, આરતી અને પ્રદક્ષિણાના માધ્યમથી ગુરુવંદના કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુજનો પ્રતિ પોતાનો આદરભાવ વ્યક્ત કરવા સુંદર પોસ્ટર્સ પણ તૈયાર કર્યા હતાં.

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૭

સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગુરુ અને ભગવાનની વેશભૂષા ધારણ કરી હતી અને વિદ્યાર્થીઓ, શિક્ષકો દ્વારા તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા ગીત-સંગીત-અભિનયથી સભર સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત પણ કરવામાં આવી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં મંગળવારે વિદ્યાર્થીઓ અને શિક્ષક ભાઈ-બહેનોના સહિયારા પ્રયાસથી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ પાઠવી વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓએ સ્વપ્રયત્ને તૈયાર કરેલા પુષ્પગુચ્છ અને કુમકુમ તિલક, આરતીના માધ્યમથી ગુરુપૂજન કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ગુરુ-શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગીતો અને વક્તવ્યો પણ રજૂ કર્યાં હતાં.

## જન્મદિને વધામણી



હિરેન ભટ્ટ
નાયબ માહિતી નિયામક
માહિતી ખાતું
મંત્રી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૬૩૬૩૦



રીટાબેન ચૌહાણ
મો. ૯૫૩૭૫ ૭૯૮૩૪



વિદ્યાબેન પટેલ
લાયોનેસ ક્લબ



જયશ્રીબેન જાદવ

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ દ્વારા 'ફાયટો કોન્સ્ટિટ્યૂઅન્ટસ' વિષયે સેમિનાર

## ગુજરાતભરની ફાર્મા કોલેજોના વિદ્યાર્થી-અધ્યાપકો દ્વારા પેપર્સ-પોસ્ટર્સ પણ રજૂ થશે

ગાંધીનગર, તા. ૧૭


ગુજરાત સરકારની કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ગણપત યુનિવર્સિટીની 'શ્રી એસ.કે. પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન અને રિસર્ચ'ના સંયુક્ત ઉપક્રમે આજે સવારે 'કરન્ટ ટ્રેન્ડસ ઈન ડ્રગ્સ ડિલેવરી ઓફ ફાયટોકોન્સ્ટિટ્યૂએન્ટસ' વિષય ઉપરના બે દિવસીય નેશનલ સેમિનારનું ઉદ્ઘાટન થયું હતું.

આ ઉદ્ઘાટન સમારંભમાં અધ્યક્ષ તરીકે ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા અને અતિથિવિશેષ તરીકે આ



સેમિનારના એક એક્સપર્ટ સ્પિકર તેમજ કચ્છની તોલાની ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીના આચાર્યા પ્રો. ડૉ. રિચા દયા રામાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ગણપત યુનિ.ની ફામસી કોલેજના પ્રિન્સિપાલ અને યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. આર.કે. પટેલે સ્વાગત પ્રવચનમાં મહેમાનોનો પરિચય આપીને આવા સેમિનારની આજના સમયમાં શું અગત્યતા છે તેની વાત કરી હતી. તો પ્રો. ડૉ. પી.યુ. પટેલના માર્ગદર્શન સાથે પ્રો. ડૉ. નિકુંજના પટેલે સેમિનારનું કો-ઓર્ડિનેશન સંભાળ્યું હતું.

# બે આંખોનું સરનામુું ને જીવતર જાણે પરબીડિયું




રક્ષા શુક્લ અંગ્રેજીનું અધ્યાપન કરતાં કરતાં ગુજરાતી કવિતામાં રસ લેતાં થયાં. નરસિંહ મહેતાથી હરદ્વાર ગોસ્વામી સુધીના કવિઓએ તળાજાનું આ એક સરનામું તાજું રાખ્યું છે. તળાજાની 'સમન્વય' સભામાં કવિઓ પધારે ત્યારે આરંભે પ્રાર્થના ગાવાનું મળે, રક્ષા શુક્લ માટે એ એક લહાવો હતો. પણ અનિલ જોશી તો અમરેલી-અમદાવાદથી દૂર નીકળી ગયા હતા. 'ડેલીએથી પાછા મ વળશો હો શ્યામ, મેં તો ઠાલાં દીધાં છે મારાં બારણાં' જેવાં ગીત રમેશ પારેખ સાથે ગાઈ લીધા પછી અનિલ જોશી મુંબઈની ભરતીઓટ માણી રહ્યા હતા. 'જીણા જીણા રે આંકેથી અમને ચાળિયા'ના અનુભવ સાથે નાટક અને ચલચિત્રને ગુજરાતી ઓળખ આપી રહ્યા હતા. એ વળી ક્યાંથી રક્ષા શુક્લને ઓળખે ! પણ કાવ્યસંગ્રહ 'આલ્લે લે'ને આવકાર લેખ બાતમી આપે છે, 'સંધ્યાકાળે પ્રભાતફેરી.'

આ શીર્ષક વહાલભર્યો વિનોદ ધરાવે છે. કવિમિત્ર રમેશ પારેખના ઉદગારની યાદ તાજી થાય છે. અનિલભાઈ લખે છે, 'છેક તળાજાથી એક સ્વસ્થ અને પરિપક્વ અવાજ સંભળાય છે, તે કવયિત્રી રક્ષા શુક્લનો અવાજ. એમના કાવ્યસંગ્રહનું નામ 'આલ્લે લે' રમેશ પારેખની થોડી યાદ અપાવે, પણ અંદરની બધી કવિતાઓ પર રક્ષાની રાખડી બંધાયેલી છે, રક્ષા શુક્લની પોતીકી મુદ્રા છે. પોતીકી મુદ્રા એટલે કવિનું નામ વાંચ્યા વગર ભાવકને ખબર પડી જાય કે આ રચના કોની છે ?

નિવૃત્તિની વયે કારકિર્દીના આરંભને અનિલભાઈ 'પ્રભાતફેરી' કહે છે. એમાં રક્ષાબહેનની તાજગીની કદર જોઈ શકાય. તો 'સખી રી આજ મંગલ ગાઓ રી !' જેવી વધામણી પણ જોઈ શકાય. 'કવિતાનું કમબેક' નામે કેફિયતમાં રક્ષાબહેને કેટલીક વિગતો આપી છે. શાળા-કૉલેજમાં હું ક્યાંય ન મળું તો લાઈબ્રેરીમાં જડું. તળાજાની સમન્વય, કુમારની બુધસભા, શબ્દોની નોળવેલ, અક્ષરનું અજવાળું લઈ ઊભી છું.

અગિયાર ગઝલ, દસેક અછાંદસ કાવ્યો અને એકતાલીસ ગીતોનો આ સંગ્રહ મુખ્યત્વે કવયિત્રીની ગીતકાર તરીકેની ઓળખ આપે છે. ગુજરાતી ગીત પરંપરાના કેટલાક ઉન્મેષો વર્તાય છે. વારસામાં મળ્યું હોય એને અજવાળીને નવા રૂપે રજૂ કરવાની સર્જકતા ધ્યાન ખેંચે છે. જેના પરથી સંગ્રહનું નામકરણ થયું છે એ ગીત 'આલ્લે લે' દરેક પંક્તિને અંતે 'આલ્લે લે' જેવા ઉદ્ગાર સાથે આનંદ જગવી રહે છે.

તારા રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લે લે !
ગરમાળો ગુલમ્હોર ઉપર જો ઢળી ગયો છે, આલ્લે લે !

પ્રિયજનો પોતાને વૃક્ષમય જુએ અને એ બધી ઋતુઓની આત્મીયતા સર્જકતામાં પરિણમે એવો અનુભવ અનાયાસ વ્યક્તથાય છે. અંતે વર્ષા અને વસંતનું એકત્વ વર્ણવાય છે. આ રચનાને ત્રણ અંતરાના ગીત તરીકે મૂલવી શકાય તેમ પંદર પંક્તિના સોનેટ રૂપે પણ તપાસી શકાય તેમ છે.

પ્રકૃતિના ઉપમાન અને એની રૂપરમણા રક્ષાબહેનનાં ગીતોને નોખી ઓળખ આપે છે. ઘણા નવકવિઓએ 'હરિ'ને સંબોધીને કે ખીંટી બનાવીને ગીતો રચ્યાં છે. એનો અતિરેક જોઈને ધીરુભાઈ પરીખે તો શીર્ષક જઆપી દીધું, 'હરિ ચડ્યા હડફેટે !' એ પ્રકારની કૃતક આધ્યાત્મિકતા રક્ષાબહેનનાં ગીતોમાં વરતાતી નથી. શ્રદ્ધા અને કવિકર્મ એકરૂપ પામે અને ભાવક સુધી પહોંચે ત્યારે આ સર્જન-ભાવનની ઘટા સિદ્ધ થાય છે.

પુષ્પોની પગદંડીએ
હું હરિ આવતા ભાળું,
ગીતને અંતે
હરિવર મારે દ્વારે હો તો
જગત આખાને તાળું,
હરિ નામના મારગ ઉપર
મહેક બધીયે ઢાળું.

અહીં 'તાળું' પ્રાસ તરીકે આવી ચઢે છે. એને બદલે 'જગ આખાને ભાળું' એ શબ્દપ્રયોગ રક્ષાબહેનના સંવેદન વિશ્વને વધુ અનુકૂળ રહેત.

બત્રીસ વર્ષની શૈક્ષણિક કારકિર્દી પછી, સંગીત અને પ્રવાસના સાથ પછી જે પ્રૌઢ શક્ય છે તે અહીં વરતાય છે.

છેલ્લે 'બે આંખોનું સરનામું' ગીતની આરંભિક અને અંતિમ પંક્તિઓમાં કયવિત્રીનો ઉત્સાહ અને ઉન્મેષ જોઈએ.

બે આંખોનું સરનામું ને
જીવતર જાણે પરબીડિયું,
તું આવ્યાના પગરણ વચ્ચે
હૈયું કાઢે છે હડિયું.
ખીલવા, ખુલવા ને પાંગરવા
આંગળ અમોને જડિયું,
બે આંખોનું સરનામું ને
જીવતર જાણે પરબીડિયું.

ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત આ સંગ્રહના મુદ્રક છે : બુકપબ. આનંદની વાત છે કે નકલો પાંચસોને બદલે બે હજાર છાપી છે.

**- રઘુવીર ચૌધરી**

## આશ્રમની ઝાંખી




જે વેળાએ સ્વદેશીને નામે ઓળખાતી આ પ્રવૃત્તિ ચાલવા માંડી, ત્યારે મિલમાલિકો તરફથી મને ઠીક ઠીક ટીકા મળવા લાગી. ભાઈ ઉમર સોબાની પોતે બાહોશ મિલમાલિક હોવાથી તે પોતાના જ્ઞાનનો ઉપયોગ મને આપતા જ હતા, પણ બીજાઓના અભિપ્રાયની ખબર પણ મને આપતા રહેતા હતા. તેમનામાંના એકની દલીલની અસર તેમની ઉપર પણ પડી, અને મને તેમની પાસે લઈ જવાની તેમને સૂચના કરી. મેં તે વધાવી લીધી. અમે તેમની પાસે ગયા. તેમણે આરંભ કર્યો :

'તમારી સ્વદેશી ચળવળ પહેલી જ નથી એ તો તમે જાણો છો ના?'


મેં જવાબ આપ્યો: 'હા, જી.'

'તમે જાણો છો કે, બંગાળના ભાગલા વખતે સ્વદેશી ચળવળે ખૂબ જોર પકડ્યું હતું તેનો અમે મિલોએ ખૂબ લાભ ઉઠાવ્યો, ને કાપડનાં દામ વધાર્યા ? કેટલુંક ન કરવાનું પણ કર્યું ?'

'મેં એ વાત સાંભળી છે, ને સાંભળીને દિલગીર થયો છું.'

'તમારી દિલગીરી હું સમજું છું. પણ તેને સારુ કારણ નથી. અમે કંઈ પરોપકાર કરવાને સારુ અમારો વેપાર નથી કરતા. અમારે તો રળવું છે. અમારે શૅરહોલ્ડરોને જવાબ દેવો છે. વસ્તુની કિંમત તેની માગણી ઉપર આધાર રાખે છે એ નિયમની સામે કોણ થઈ શકે ? બંગાળીઓએ જાણવું જ જોઈતું હતું કે, તેમની ચળવળથી સ્વદેશી કાપડનું દામ વધશે જ.'

'એ બિચારા માર જેવા વિશ્વાસુ એટલે તેમણે માની લીધું કે, મિલમાલિકો છેક સ્વાર્થી નહીં બને, દગો તો નહીં જ દે, સ્વદેશીને નામે પરદેશી કાપડ તો નહીં જ વેચે.' (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર